# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 24-07-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

- સંસદના બંને ગૃહોમાં અંદાજપત્ર પરની ચર્ચાનો પ્રારંભ
- નીટ-યુજી પરિક્ષા બંધ કરવાની અને રાજ્યવાર પ્રવેશ પરીક્ષા પધ્ધતિ પુનઃ શરૂ કરવાની વિચારણા હોવાનો સરકારનો ઇનકાર
- આવકવેરા વિભાગે સ્પષ્ટતા કરી છે કે નાણાકીય વર્ષ 2023-24નું આવકવેરા રિટર્ન ભરવાની તારીખ લંબાવવામાં નથી આવી.
- સર્વોચ્ચ અદાલત દ્વારા 29 જુલાઈથી એક સપ્તાહ માટે ખાસ લોક અદાલતનું આયોજન
- આગામી બે દિવસ દરમિયાન ગુજરાત, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી કરી છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PAR-BUDGET

સંસદના બંને ગૃહોમાં આજે કેન્દ્રીય બજેટ અને જમ્મુ કાશ્મીરનાં બજેટ પર ચર્ચાનો પ્રારંભ થયો હતો.

રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાં જ ઇન્ડિ ગઠબંધનના સાંસદોએ બજેટમાં વિરોધ પક્ષો દ્વારા શાસિત રાજ્યોની ઉપેક્ષા કરવામાં આવી હોવાનો આરોપ મૂક્યો હતો. કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે આક્ષેપોને રદિયો આપતા જણાવ્યું કે, કોંગ્રેસની આગેવાની હેઠળનાં

વિરોધ પક્ષો એવી છાપ ઊભી કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે કે વિરોધ પક્ષ શાસિત રાજ્યોને બજેટમાં કોઈ લાભ આપવામાં આવ્યો નથી. સુશ્રી સીતારમણનાં નિવેદન બાદ વિરોધ પક્ષો ગૃહમાંથી વોક આઉટ કરી ગયા હતા.

અગાઉ, ઉપસભાપતિ જગદીપ ધનખડે ગૃહ મોકૂફીની વિરોધ પક્ષોની માંગણી ફગાવતા જણાવ્યું હતું કે આ પ્રકારની નોટિસ અપવાદરૂપ સંજોગોમાં જ સ્વીકારવામાં આવે છે. રાજ્યસભાની કાર્યવાહી આવતી કાલ પર મોકૂફ રાખવામાં આવી છે.

લોકસભામાં પણ વિરોધ પક્ષનાં સભ્યોએ આ જ મુદ્દે ગૃહમાંથી વોક આઉટ કર્યો હતો. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે, ટીએમસીના સભ્યોએ આંધ્રપ્રદેશ અને બિહાર સિવાયના રાજ્યો સાથે ભેદભાવ રાખવામાં આવ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. અધ્યક્ષ ઓમ બિરલાએ વિપક્ષી સાંસદોની વર્તણુંકને બિનસંસદીય ગણાવી હતી. હાલ લોકસભામાં ચર્ચા ચાલી રહી છે.

## NEET (UG)

સરકારે આજે સ્પષ્ટતા કરી હતી કે મેડિકલ શાખામાં પ્રવેશ માટેની નીટ-યુજી પરિક્ષા બંધ કરવાની અને રાજ્યવાર પ્રવેશ પરીક્ષા પધ્ધતિ પુનઃ શરૂ કરવાની કોઇ દરખાસ્ત નથી. હાલમાં  નીટ પરિક્ષા અંગે હાલ ચાલી રહેલા વિવાદ વચ્ચે શિક્ષણ રાજ્ય મંત્રી ડોક્ટર સુકાંતા મજુમદારે રાજ્યસભામાં લેખિત જવાબમાં આ પ્રમાણે જણાવ્યું હતું. યુજીસી (નેટ) પરિક્ષા અંગે તેમણે જણાવ્યું કે આ વર્ષે જૂનમાં યોજાયેલી પરીક્ષા રદ કરવામાં આવી છે અને હવે તેને 21 ઓગસ્ટથી 4 સપ્ટેમ્બર દરમિયાન કોમ્પ્યુટર આધારિત લેવામાં આવશે.

દરમિયાન, પશ્ચિમ બંગાળમાં શાસક તૃણમુલ કોંગ્રેસે રાજ્ય વિધાનસભામાં નીટ પ્રવેશ પરિક્ષા રદ કરવાની અને રાજ્યો દ્વારા મેડિકલ પ્રવેશ પરિક્ષાની અગાઉની વ્યવસ્થા પૂર્વવત કરવાની માંગણી કરતો ઠરાવ પસાર કર્યો હતો.

આ સાથે નીટ પરિક્ષા રદ કરવાની માંગણી કરનાર પશ્ચિમ બંગાળ બીજું રાજ્ય બન્યું છે. અગાઉ તામિલનાડુએ આ મુજબને ઠરાવ પસાર કર્યો હતો.

## NEW NEPAL AIRCRAFT CRASH

નેપાળમાં, કાઠમંડુના ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ટેકઓફ કરતી વખતે વિમાન તૂટી પડતાં 18 લોકોના મોત થયા છે. સૌર્ય એરલાઇન્સનું એક વિમાન 19 કર્મચારીઓ અને ટેકનિશિયનને લઈને સમારકામ માટે પોખરા જઈ રહ્યું હતું. વરિષ્ઠ પોલીસ અધિક્ષક ડામ્બર

બહાદુર બીકેએ જણાવ્યું કે, ચાલક દળનાં એક સભ્ય બચાવીને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. નેપાળના ગૃહમંત્રી રમેશ લલકર દુર્ઘટના બાદ તરત જ એરપોર્ટ પર પહોંચ્યા હતા

## INCOME TAX FILING RETURN

આવકવેરા વિભાગે સ્પષ્ટતા કરી છે કે નાણાકીય વર્ષ 2023-24નું આવકવેરા રિટર્ન ભરવાની તારીખ લંબાવવામાં નથી આવી. કરદાતાઓએ 31 જુલાઇ સુધીમાં રિટર્ન ભરી દેવાનું રહેશે. સોશિયલ મિડીયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં આવકવેરા વિભાગે કેટલાંક અખબારોમાં આવકવેરા રિટર્ન ભરવાની તારીખ 31 ઓગસ્ટ સુધી લંબાવાઈ હોવાનાં પ્રકાશિત થયેલા સમાચારને ખોટાં ગણાવીને કરદાતાઓને સત્તાવાર વેબસાઇટને અનુસરવા જણાવ્યું છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...**

## SC-LOK ADALAT

સર્વોચ્ચ અદાલતના અમૃત મહોત્સવ નિમિત્તે વિશેષ લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

અદાલતમાં 29 જુલાઇ થી 3 ઓગસ્ટ, દરમિયાન આ ખાસ લોક અદાલત યોજાશે. પડતર કેસોનો નિકાલ કરવા અને સમાધાનથી ઉકેલ લાવવા માટે પ્રયત્ન કરાશે. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડે આ ખાસ ઝુંબેશનો લાભ લેવા અપીલ કરી છે.

## RS-J&K TOURISM

કલમ 370 નાબૂદ થયા પછી જમ્મુ અને કાશ્મીરમાં પ્રવાસન ક્ષેત્રે અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી છે. ગયા વર્ષે બે કરોડ 11 લાખથી વધુ પ્રવાસીઓએ રાજ્યની મુલાકાત લીધી હતી જ્યારે આ વર્ષે જૂન સુધીમાં એક કરોડ 8 લાખથી વધુ પ્રવાસીઓએ ત્યાં મુલાકાત લીધી છે. ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે રાજ્યસભામાં પ્રશ્નકાળ દરમિયાન આ માહિતી આપી હતી. તેમણે એમ પણ કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ ધરાવે છે અને તાજેતરમાં 28 આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું કે 2004 થી 2014 સુધીમાં સાત હજાર 217 આતંકવાદી ઘટનાઓ બની હતી જ્યારે 2014 થી આ વર્ષના જૂન સુધીમાં બે હજાર 200 ઘટનાઓ બની હતી.

## RS - MILK PRODUCTION

વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં 25 ટકા હિસ્સા સાથે ભારત પ્રથમ ક્રમે છે. છેલ્લાં નવ વર્ષથી દેશમાં દૂધ ઉત્પાદન વાર્ષિક છ ટકાનાં દરે વધી રહ્યું છે, જ્યારે વૈશ્વિક દૂધ ઉત્પાદન 2.1 ટકાનાં દરે વધી રહ્યું છે.

રાજ્યસભામાં એક લેખિત જવાબમાં મત્સ્યોદ્યોગ, પશુ સંવર્ધન અને ડેરી બાબતોના મંત્રી રાજીવ રંજન સિંહે જણાવ્યું કે, ઉત્પાદન ખર્ચ અને બજારનાં પરિબળોને આધારે સહકારી અને ખાનગી ડેરીઓ દૂધનો પ્રાપ્તિ અને વેચાણ ભાવ નક્કી કરે છે.

## NEW EV CHARGING STATIONS

દેશમાં હાલમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર 5 હજાર 293 ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશન છે અને વધુ 5 હજાર 833 સ્થાપિત કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે એમ માર્ગ પરિવહન અને ધોરી માર્ગ  મંત્રી નિતીન ગડકરીએ બુધવારે જણાવ્યું હતું.

રાજ્યસભામાં એક લેખિત જવાબમાં શ્રી ગડકરીએ જણાવ્યું કે 7 હજાર 432 EV ચાર્જિંગ સ્ટેશનની સ્થાપના માટે ત્રણ ઓઇલ માર્કેટિંગ કંપનીઓને 800 કરોડ રૂપિયાની મૂડી સબસિડી આપવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં સૌથી વધુ 750 ચાર્જીંગ સ્ટેશન છે. ત્યારબાદ ઉત્તરપ્રદેશમાં 577 અને રાજસ્થાનમાં 482 ચાર્જીંગ સ્ટેશન છે.

## ASHWINI VAISHNAW

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે, ટ્રેનોની સલામતી માટે રેલવે બજેટનો નોંધપાત્ર હિસ્સો ફાળવવામાં આવ્યો છે. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, રૂપિયા બે લાખ 62 હજાર કરોડનાં કુલ બજેટમાંથી એક લાખ કરોડ રૂપિયાથી વધુ ફાળવણી સલામતી સંબંધિત પગલાં માટે ફાળવવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું કે, છેલ્લા 10 વર્ષમાં 31 હજાર નવા ટ્રેક અને 40 હજાર કિલોમીટર રેલ માર્ગનું વીજળીકરણ કરવામાં આવ્યું છે.

## THE RAIN

હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન ગુજરાત, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી પાંચ દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, કેરળ, તેલંગાણા અને તમિલનાડુમાં પણ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

## WOMENS CRICKET T 20

મહિલા એશિયા કપ ક્રિકેટમાં બાંગ્લાદેશે મલેશિયાને 114 રને હાર આપી છે. બાંગ્લાદેશમાંથી મુર્શીદા ખાતુને 59 બોલમાં 80 રન અને નિગાર સુલ્તાનાએ 37 બોલમાં 62 રન ફટકાર્યા હતા. શ્રીલંકાના દામ્બુલા ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે 192 રનના લક્ષ્યાંકનો પીછો કરતા મલેશિયાની મહિલા ટીમ 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને માત્ર 77 રન બનાવી શકી હતી.

ઉલ્લેખનીય છે કે, ભારત અને પાકિસ્તાન પહેલાં જ સેમિફાઇનલ માટે ક્વોલિફાય કરી ચૂક્યા છે.

## FAKE NEWS

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, સરકાર બનાવટી અને ભ્રામક માહિતીના ફેલાવાને નિયંત્રિત કરવા માટે તમામ સંભવિત પગલાં લેવા માટે પ્રતિબદ્ધ છે. આવા સમાચાર દેશની લોકશાહીને નબળી બનાવી શકે છે અને સમાજમાં તિરાડ ઊભી કરે છે

આજે લોકસભામાં એક લેખિત જવાબમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે વિવિધ મીડિયા પ્લેટફોર્મ પર નકલી સમાચારને ડામવા માટે સરકાર પાસે વૈધાનિક અને સંસ્થાકીય પદ્ધતિઓ છે.

તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારને લગતા બનાવટી સમાચારોનો સામનો કરવા માટે નવેમ્બર 2019માં માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો હેઠળ ફેક્ટ ચેક યુનિટ ની સ્થાપના કરવામાં આવી છે.

## PROTESTING FARMERS

સર્વોચ્ચ અદાલતે બુધવારે જણાવ્યું હતું કે, હરિયાણા અને પંજાબ સરહદે વિરોધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતોની ફરિયાદોનાં ઉકેલ માટે તે નિષ્ણાત સમિતિની રચના કરવા વિચારી રહી છે.

શંભુ સરહદ પર બેરિકેડ હટાવી દેવા પંજાબ અને હરિયાણા વડી અદાલતનાં ચૂકાદા વિરુધ્ધ હરિયાણા સરકારે કરેલી અરજીની સુનાવણી દરમિયાન ન્યાયમૂર્તિ સૂર્યકાંતનાં વડપણ હેઠળની બેન્ચે સરકારને ખેડૂતોની સમસ્યા ઉકેલવા પગલાં લેવા અને તટસ્થ નિરીક્ષક મોકલવા સૂચન કર્યું હતું.

અદાલતે રાજ્ય સરકારોને પ્રદર્શન સ્થળે યથા સ્થિતિ જાળી રાખવા આદેશ આપ્યો હતો.